# સરપંચ જ પંચાયતમાં લાચાર!

**વાલોડમાં** સરપંચ વિજયાબેને દાખલા માટે આસિસ્ટન્ટ તલાટી સામે સંઘર્ષ કરવો પડ્યો

**વેરો** ભર્યો હોવા છતાં રસીદનો આગ્રહ રાખતાં સરપંચ વિજયાબેનનો આક્રોશ




વાલોડ: વાલોડ ગ્રામ પંચાયતના તલાટીએ સરપંચને વેરા રસીદને લઈ દાખલો ન આપતાં વિવાદ થયો હતો. વેરો ભર્યો હોવા છતાં સરપંચ પાસે વેરા રસીદની માંગણી કરી તલાટીએ પોતાનો હોદ્દાનો ઉપયોગ કરી દાખલો આપ્યો ન હતો. બાદ ખરાઈ થતાં દાખલો આપ્યો હતો.

હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણી હોવાથી વાલોડમાં દાવેદારો અને ઉમેદવારો ચૂંટણી પંચ દ્વારા માંગવામાં આવેલ દાખલાઓ જેમાં શૌચાલય પાકું હોવા અંગે, બાકીદાર ન હોવા અંગે, મતદાર યાદીમાં નામ હોવા અંગેના દાખલા માટે ગ્રામ પંચાયતોમાં અરજીઓ કરી દાખલા મેળવાના પ્રયાસ કરે છે. દરમિયાન શનિવારે વાલોડ ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે હાલ કાર્યરત વિજયાબેન નાઈકે પોતાનો દાખલા મેળવવા ગ્રામ પંચાયતના તલાટીને વાત કરી હતી. ત્યારે આસિસ્ટન્ટ તલાટી આશાબેને સરપંચ પાસે વેરો ભર્યો હોય તો તે વેરાની રસીદ માંગી હતી. સરપંચ દ્વારા 2025-26નો વેરો ભરાઈ ગયો હોવા અંગે તલાટીને જણાવ્યું હતું અને પોતાનું ઘર બે કિલોમીટર દૂર હોય, વેરા રસીદ લેવા જઈ શકાય તેમ ન હતું. જેના કારણે સરપંચ અને તલાટી વચ્ચે વેરા રસીદ બાબતે ગરમાગરમી થયાની ચર્ચાએ જોર પકડ્યું છે. એક તરફ ગ્રામ પંચાયતમાં વેરા વસૂલાતની રસીદ કોમ્પ્યુટર ઉપરથી આપવામાં આવે છે, તો શું કોમ્પ્યુટર ઉપર વેરા અંગેની વિગતો ચેક કરવામાં આવી હતી કે કેમ? વેરો વસૂલાત કરવામાં આવ્યો હોય તો કોમ્પ્યુટર ઉપર વેરો બાકી કે ચૂકવાઈ ગયો હોવાનો રેકોર્ડ મળી શકે તેમ હોવા છતાં વાલોડ ગ્રામ પંચાયતમાં આવનાર કોઈપણ સામાન્ય અરજદાર હોય તેની પાસેથી વેરા રસીદ માંગવાનો આગ્રહ અગાઉથી ચાલી આવ્યો છે. શનિવારે તેનો ભોગ ખુદ સરપંચ વિજયાબેન નાઈક બન્યાં છે અને દાખલો આપવા માટે આસિસ્ટન્ટ તલાટી કમ મંત્રી આશાબેને વેરા રસીદનો આગ્રહ કર્યો હતો. આખરે સરપંચ વિજયાબેન નાઈકે દાખલો આપવો હોય તો કોમ્પ્યુટર પર વેરા વસૂલાત અંગેનો રેકોર્ડ તપાસ કરી લેવા જણાવ્યું હતું, આખરે વીસી દ્વારા રસીદ કોમ્પ્યુટર પરથી પ્રિન્ટ કરી આપવામાં આવતાં દાખલા આપવાની કામગીરી હાથ પર લેવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ અંગે તલાટી આશાબેન કુમાવતે જણાવ્યું હતું કે, મેં વી.સી. પાસેથી માહિતી મેળવી વિજયાબેને વેરો ભરી દીધો હોવાનું જાણવા મળ્યું છે અને મેં કોઈ ભેદભાવ રાખ્યો નથી અને મેં તેમને ડોક્યુમેન્ટ પર સહી કરી આપી છે.

આ બાબતે વાલોડ પંચાયતના સરપંચ વિજયાબેને જણાવ્યું હતું કે, મેં વેરો ભર્યો હોવા છતાં મારી પાસે રસીદ મંગાવી હતી. ત્યારે મેં તલાટીને કીધું હતું કે મેં વેરો ભરી દીધો છે તેનો રેકોર્ડ કોમ્પ્યુટરમાં છે. છતાં મને હેરાન કરવામાં આવે છે. તો આમ જનતાનું શું થતું હશે?

# બારડોલીની વઢવાણિયા બેઠક પર ભાજપમાં ભડકો

**સ્થાનિકને** ટિકિટ નહીં મળે તો હારવાની તૈયારી રાખજો તેવી ગર્ભિત ધમકી

બારડોલી: બારડોલી તા.પં. ની ચૂંટણી પૂર્વે જ સત્તાધારી પક્ષ ભાજપમાં આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. સુરત જિલ્લા ભાજપ દ્વારા સેન્સ લેવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, પરંતુ વઢવાણિયા બેઠક પર ઉમેદવારોની પસંદગીને લઈને રાજકીય ગરમાટો આવી ગયો છે. આ બેઠક બિનઅનામત જાહેર કરવામાં આવતા જ અનેક દિગ્ગજ નેતાઓએ ટિકિટ માટે દાવેદારી નોંધાવી છે, જેની સામે સ્થાનિક કાર્યકરો અને દાવેદારોએ આક્રમક વલણ અખત્યાર કર્યું છે.

વઢવાણિયા ગામના જિજ્ઞેશ ચૌધરી, જુનવાણીના અક્ષય રબારી અને તાલુકા પંચાયતના માજી ઉપપ્રમુખ કિરણ ચૌધરીએ આ બેઠક પર પોતાનો મજબૂત દાવો રજૂ કર્યો છે. આ સ્થાનિક નેતાઓનું કહેવું છે કે પક્ષે માત્ર સ્થાનિક ચહેરાઓને જ પ્રાધાન્ય આપવું જોઈએ. મળતી માહિતી મુજબ, કેટલાક સ્થાનિકોએ તાલુકા ભાજપ સંગઠનને ગર્ભિત ચીમકી આપતા જણાવ્યું છે કે જો આ ત્રણમાંથી કોઈને ટિકિટ આપવામાં નહીં આવે અને બહારના ઉમેદવારને લાદવામાં આવશે, તો ચૂંટણીમાં પક્ષે વિપરીત પરિણામો ભોગવવા પડશે. 'સ્થાનિક નહીં તો જીત નહીં' ના નારા સાથે કાર્યકરોએ પક્ષ સામે મોરચો માંડ્યો છે. આ વિવાદનું મુખ્ય કારણ જિલ્લા પંચાયતના માજી ચેરમેન રોશન પટેલ અને તેન ગામના કૌશલ પટેલની દાવેદારી માનવામાં આવી રહી છે. સ્થાનિકો આ નામોને 'બહારના' ગણાવી વિરોધ કરી રહ્યા છે. વઢવાણિયા બેઠક સામાન્ય હોવા છતાં જ્ઞાતિના સમીકરણો અને સ્થાનિક પ્રભુત્વને જોતા ભાજપ માટે આ નિર્ણય પેચીદો બન્યો છે. જો પક્ષ આ ધમકીને ગંભીરતાથી નહીં લે, તો વિખવાદ થવાની પૂરેપૂરી શક્યતા છે. હાલમાં તો 'હારવા માટે તૈયાર રહેજો' જેવી સીધી ધમકીને પગલે બારડોલી ભાજપના મોવડીમંડળમાં ફફડાટ વ્યાપી ગયો છે અને ઉમેદવારની પસંદગી પક્ષ માટે મોટી કસોટી સમાન બની રહેશે.

## ગેસ સિલિન્ડરની હાલાકીની તસવીર, આકરા તાપમાં વૃદ્ધની હાડમારી



બારડોલી: હાલમાં અમેરિકા-ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને લઈને પેટ્રોલિયમ પેદાશની અછત રહી છે. ખાસ કરીને રાંધણ ગેસને લઈને એજન્સીઓ પર લાંબી કતાર લાગી રહી છે. દરેક ઘરોમાં રાંધણ ગેસને લઈને મથામણ ચાલી રહી છે. ત્યારે એક વૃદ્ધ ગેસ સિલિન્ડર ભરાવવા માટે કંપનીની ઓફિસ સુધી સિલિન્ડર લઈ જવા માટે ધગધગતા તાપમાં ભારે મથામણ કરી રહેલા નજરે પડે છે. તેઓ મદદ માટે અપીલ કરી રહ્યા હતા પણ કોઈ મદદે આવ્યું ન હતું. સિલિન્ડર ઊંચી શકાતો ન હોય તે ધીમે ધીમે રોડ પરથી ઢસડીને રોડ પાર કરી રહ્યા છે. જે હાલની કપરી સ્થિતિ દર્શાવી રહી છે.

# પશ્ચિમ બંગાળનો કમ્પાઉન્ડર નવાપરામાં તબીબ બની બેઠો

**સ્પેશિયલ** ઓપરેશન ગ્રુપે નવાપરામાંથી ધો.૧૨ પાસ નકલી તબીબને ઝડપી લીધો


ઈબ્રાહીમ કાનુ

હથોડા, પલસાણા: સુરત ગ્રામ્ય વિસ્તારમાંથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે બોગસ ડોક્ટરને ઝડપી પાડયો હતો.

પાલોદ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા નવાપરા ગામે પાયલ કોમ્પ્લેક્સની બાજુમાં ઘનસુખકાકાની રૂમમાં એક શખ્સ ડિગ્રી વગર ક્લિનિક ચલાવી રહ્યો છે. આ બાતમીના આધારે પી.આઈ. એલ.ડી. ઓડેદરા અને પીએસઆઈ જે.કે. રાવની સૂચના મુજબ ટીમે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ક્લિનિક ચલાવતા શખ્સ પાસે પ્રેક્ટિસ કરવા માટેનું કોઈ પણ માન્ય રજિસ્ટ્રેશન કે પ્રમાણપત્ર મળી આવ્યું નહોતું. પકડાયેલા આરોપીની ઓળખ સંજયભાઈ સુભાષભાઈ મુર્ખજી (ઉ.વ. ૪૩) તરીકે થઈ છે, જે હાલ માંગરોળના બોરસરા ગામે શ્રીનાથજી રો-હાઉસમાં રહે છે. પોલીસ પૂછપરછમાં સામે આવ્યું કે આરોપી મૂળ પશ્ચિમ બંગાળના નદીયા જિલ્લાનો વતની છે અને માત્ર ધોરણ ૧૨ સુધી જ અભ્યાસ કરેલો છે. તેણે પોતાના વતનમાં મનોરમા હોસ્પિટલ ખાતે છ વર્ષ સુધી કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી હતી. આ કમ્પાઉન્ડર તરીકેના અનુભવના આધારે તે અહીં ગેરકાયદેસર રીતે એલોપેથિક પ્રેક્ટિસ કરી માનવ જિંદગી સાથે જોખમ ખેડી રહ્યો હતો. પોલીસે અહીંથી અલગ-અલગ મેડિકલ સાધન સામગ્રી અને દવાઓ મળી કુલ ૪૪૩૨.૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કામગીરી એસ.ઓ.જી. શાખાના એ.એસ.આઈ. કિરણસિંહ લક્ષ્મણસિંહ અને પોલીસ કોન્સ્ટેબલ આસીફખાન જહિરખાનની બાતમીના આધારે કરવામાં આવી હતી.

## સોનગઢમાં ચેક બાઉન્સના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

સોનગઢ: સોનગઢના સિસોર ગામનો રહેવાસી સંદીપ જીતુભાઈ ચૌધરી 'ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ' (ચેક બાઉન્સ) ની કલમ-૧૩૮ હેઠળના કેસમાં સંડોવાયેલો હતો. આ મામલે બારડોલીની કોર્ટે આરોપીને દોષિત ઠેરવી બે વર્ષની જેલની સજા ફટકારી હતી. સજાનો હુકમ થયા બાદ આરોપી પોલીસની પકડથી બચવા નાસતો ફરતો હતો. સોનગઢ પોલીસની ટીમ જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેમને ખાનગી રાહે બાતમી મળી હતી કે સજા પામેલો આ આરોપી તેના વતન સિસોર ગામમાં દૂધડેરી પાસે ઊભો છે. પોલીસે ત્વરિત પગલાં ભરી બાતમીવાળી જગ્યાએ છાપો મારી આરોપીને ઝડપી પાડ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીમાં ચૂંટણી અંતર્ગત રાજકીય આગેવાનો સાથે પ્રાંતની સમીક્ષા બેઠક


હિતેશ પટેલ

માંડવી: માંડવી ખાતે આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને પ્રાંત અધિકારી કૌશિક જાદવની અધ્યક્ષતામાં મહત્ત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તાલુકા સ્તરે ચાલી રહેલી ચૂંટણી તૈયારીઓનું વિગતવાર મૂલ્યાંકન કરવામાં આવ્યું અને સંબંધિત અધિકારીઓને પ્રક્રિયા નિષ્પક્ષ, પારદર્શક અને સુચારુ રીતે પૂર્ણ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠકમાં મતદાન મથકોની સુવિધાઓ, કર્મચારીઓની નિયુક્તિ, ઇવીએમ અને વીવીપેટ મશીનોની ઉપલબ્ધતા તથા સુરક્ષા વ્યવસ્થાનું વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. પ્રાંત અધિકારીએ સ્પષ્ટ સૂચના આપી હતી કે ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની બેદરકારી સહન નહીં કરવામાં આવે અને તમામ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવી ફરજિયાત છે. મતદાર જાગૃતિ વધારવા માટે ખાસ અભિયાન ચલાવવા, પ્રથમવાર મતદાન કરનાર યુવાનો અને મહિલાઓને વધુમાં વધુ જોડવા પર ભાર મુકાયો હતો. આ બેઠકમાં તાલુકા વિકાસ અધિકારી સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા અને ચૂંટણીને શાંતિપૂર્ણ તથા સફળ બનાવવા માટે પૂર્ણ સહકાર આપવાની ખાતરી વ્યક્ત કરી હતી.

### નસારપુરમાં ઢોરને પાણી પીવડાવવા ગયેલા બાળકનું ડેમમાં ડૂબી જવાથી મોત

વાંકલ: ઉમરપાડાના નસારપુરના વાંકી ફળિયામાં રહેતો 12 વર્ષીય બાળખ વંશ છનિયા વસાવા વાડીના વાંકી ફળિયામાં આવેલા ડેમમાં ઢોરને પાણી પીવડાવવા માટે ગયો હતો. ઢોરને પાણી પીવડાવી પરત ફરી રહ્યો હતો ત્યારે ઢોરને વાળતા વાળતા તેનો પગ લપસી જતાં ડેમના પાણીમાં ડૂબી જવાથી તેનું મોત નીપજ્યું હતું.

### ખોલવડ નજીક જુગાર રમાડનાર ઝડપાયો

કામરેજ: ખોલવડ ગામે યુસુફ કારાના પેટ્રોલ પંપ નજીક એક ઈસમ મુંબઈથી નીકળતા વરલી મટકાના આંક પર હારજીતનો જુગાર મોબાઈલમાં રમાડી રહ્યો હોવાની બાતમીના આધારે એલસીબીએ પોલીસે રેડ કરી હતી. જ્યાં ઈમરાન મુસા પટેલ (ઉ.વ.45, રહે., ખોલવડ, રાણી મોહલ્લો)ને પકડી શરદ પટેલ (રહે.નવાગામ)ને વોન્ટેડ જાહેર કરી રૂ.8220નો મુદામાલ ઝડપી પાડ્યો હતો.

### જોળવામાં ફરાર આરોપી ઝડપાયો

પલસાણા: સુરત જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સુરત ગ્રામ્યની ટીમે પલસાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારીના ગુનામાં સંડોવાયેલા એક આરોપીને જોળવા ગ્રામ પંચાયતથી જોળવા પાટિયા તરફ જવાના રસ્તા પરથી દબોચી લીધો હતો. પકડાયેલા આરોપીનું નામ અશોક રાજુલાલ મેવાડા (ઉ.વ.૨૩) છે. તે મૂળ રાજસ્થાનના બ્યાવર જિલ્લાના બદનૌર તાલુકાના ભાતસી ગામનો વતની છે અને હાલ જોળવા ખાતે આરાધના ડ્રીમ સોસાયટીમાં રહીને વેપારનો ધંધો કરતો હતો. આરોપીનો કબજો પલસાણા પોલીસને સોંપી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માંડવીના બાવાગઢમાં અનાથ દીકરીનું 'સ્વપ્ન ઘર' સાકાર થયું

**સમાજના** સહયોગ અને નિ:સ્વાર્થ સેવા દ્વારા દીકરીને જીવનનું આશ્રય મળ્યું


હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકાના બાવાગઢના ટેકરા વિસ્તારમાં શનિવારે અનાથ દીકરી માટે બનાવવામાં આવેલા નવનિર્મિત "સ્વપ્ન ઘર"નો ગૃહપ્રવેશ કાર્યક્રમ સાદગીપૂર્ણ અને ભાવનાત્મક વાતાવરણમાં યોજાયું હતું. દીકરીના પિતા ત્રણ વર્ષ પહેલા અને માતા બે વર્ષ પહેલા મૃત્યુ પામ્યાં હતાં. દીકરી સાથે તેના બે ભાઈ છે, જેમાં એક ધો.10માં ફેઇલ થયો છે અને નાનો ભાઈ હાલ અભ્યાસ કરી રહ્યો છે.

ઘર ઘણા દિવસોથી ચાલતી મહેનત અને સમાજના દાતાઓના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે. અનેક પડકારો વચ્ચે આજે આ દીકરીનું જીવનનું સપનું સાકાર થયું, જે સમગ્ર સમુદાય માટે આનંદ અને પ્રેરણાનો સ્રોત બની રહ્યું છે. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, સામાજિક પ્રતિષ્ઠિત લોકો અને વિસ્તારના લોકોએ ઉપસ્થિત રહી દીકરીને આશીર્વાદ આપ્યાં અને શુભેચ્છાઓ પાઠવી હતી. "One Step for Help Foundation"ના સભ્યોને જાણ થતાં તેઓ પણ સ્થળે હાજર રહ્યા હતા. આ કાર્યને સફળ બનાવવા માટે Foundationની ટીમના સભ્યોએ રાત-દિવસ સમર્પણ અને સેવા આપી હતી. આ માનવતાભર્યો પ્રયાસ સમાજમાં સહકાર, એકતા અને કરુણા જેવા મૂલ્યોને ઉજાગર કરે છે.

# વેડછીમાં પોસ્ટ ઓફિસની શાખા ફરી શરૂ કરવા માંગ

**આશરે** 3 હજારની વસતી ધરાવતા ગામના લોકો 4 કિમી દૂર વાલોડ સુધી જવા મજબૂર બન્યા

વાલોડ: વાલોડના વેડછીની પોસ્ટ ઓફિસનો સમાવેશ વાલોડમાં કરાતાં સ્થાનિકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાથી સ્થાનિકોએ વેડછી ખાતે પોસ્ટ ઓફિસની શાખા શરૂ કરવા રજૂઆત કરી છે.

વાલોડના વેડછી ગામે પહેલા પોસ્ટ ઓફિસ કાર્યરત હતી. પરંતુ કોઈક કારણોસર છેલ્લાં પાંચ વર્ષથી તેને વાલોડ પોસ્ટ ઓફિસમાં સમાવેશ કરી લેવામાં આવ્યો હતો. જેના કારણે વેડછીના ગ્રામજનોના જે ખાતાં પોસ્ટમાં ચાલે છે તેમને લેવડદેવડ કરવા માટે વેડછી ગામથી વાલોડ સુધી ચાર કિલોમીટર સુધી લંબાવવું પડે છે. અને નાનાં-મોટાં કામો માટે કે નવાં ખાતાં ખોલાવવા માટે તથા જે ખાતાંની સમયમર્યાદા પૂરી થાય ત્યારે બંધ કરાવવા માટે વાલોડ પોસ્ટ ઓફિસ પર જવું પડે છે. આ સંજોગોમાં કેટલાક ગ્રામજનો વયોવૃદ્ધ હોય વાલોડ સુધી જઈ કામગીરી કરાવી શકતા ન હતા. એવા સંજોગોમાં નાણાકીય લેવડદેવડમાં તકલીફ પડે છે.

એટલું જ નહીં વેડછી ગામના મજૂર વર્ગને પણ નાણાકીય લેવડદેવડ કરવા માટે પોતાનો ધંધો રોજગાર બગાડીને છેક વાલોડ સુધી જવું પડતું હતું. આ બાબતને લઈ ગ્રામ પંચાયતના લેટરપેડ ઉપર સરપંચ દ્વારા અરજી કરવામાં આવી હતી કે ગ્રામ પંચાયતના વિસ્તારમાં આશરે 3000 જેટલી વસતી ધરાવતા ગામને ફરીથી પોસ્ટ ઓફિસની સેવા અને સગવડ મળે એ હેતુસર ગ્રામજનોની માંગને અનુરૂપ સરપંચ દ્વારા બારડોલી ખાતે આવેલી પોસ્ટ ઓફિસના અધિકારીઓને લેખિતમાં જાણ કરી હતી અને પોસ્ટ ઓફિસની મંજૂરી મળી જાય તો વેડછી ગામમાં સારી જગ્યાએ પોસ્ટ ઓફિસની સુવિધા કરી આપવા પણ ગ્રામજનો વતી માંગણી કરવામાં આવી છે અને સ્થાનિકોની સમસ્યાનું તાત્કાલિક અસરથી નિરાકરણ લાવે એ જરૂરી છે.

# વાલોડમાં કપડાંની ઈસ્ત્રી બાબતે પતિએ ઠપકો આપતાં પત્નીનો આપઘાત

વાલોડ: વાલોડમાં રહેતા એક દંપતી વચ્ચે નજીવી બાબતે બોલાચાલી થતાં પરિણીતાએ ઉંદર મારવાની ઝેરી દવા પી લેતાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ તાપીના વાલોડ ગામે હરિનગર સોસાયટીમાં રહેતા અને મૂળ મધ્યપ્રદેશના દતીયા જિલ્લાના સવણાના વતની સુનીલભાઈ અજમેરસિંહ પાલ પત્ની અનુરાધા સાથે રહેતાં હતાં. ગત તા.1 માર્ચે અનુરાધા કપડાંની ઈસ્ત્રી કરી રહી હતી. જો કે, ભૂલથી તેનાથી સુનીલનું શર્ટ બળી જતાં શર્ટમાં કાંણું પડી ગયું હતું. જેથી સુનીલે તેને ઠપકો આપ્યો હતો કે ઈસ્ત્રી કરતાં ન આવડતું હોય તો નહીં કરવું, તેમ કહેતાં અનુરાધાને ખોટું લાગી આવ્યું હતું. તેણે 2 માર્ચે ઉંદર મારવાની દવા પી લીધી હતી. આથી સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે વાલોડ પોલીસને જાણ થતાં તેમણે આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# કામરેજમાં ટ્રાફિકમાં બાધક 28થી વધારે રિક્ષા ડિટેઈન

**કામરેજના** નવા આવેલા પીઆઈ ચાર્જ લેતાની સાથે જ એક્શન મોડમાં

કામરેજ: તાજેતરમાં રાજ્યભરમાં થયેલી બદલીને કારણે કામરેજમાં આવેલા નવા પોલીસ ઈન્સ્પેક્ટર ચાર્જ લેતાની સાથે જ એકશન મોડમાં દેખાયા હતા. કામરેજ ચાર રસ્તા પાસે ટ્રાફિકમાં અડચણ ઊભી કરતી 28થી વધુ રિક્ષા ડિટેઈન કરી લેવામાં આવી હતી. સાથે લારીઓ પણ ઉઠાવી લેવાઈ હતી.

સુરતના પ્રવેશદ્વાર ગણાતા કામરેજમાં કામરેજ ચાર રસ્તાની આસપાસના વિસ્તારમાં નો પાર્કિંગ ઝોન જાહેર કરાયો છે. છતાં પણ સતત ટ્રાફિકના લઈને આમ લોકો પરેશાન થઈ રહ્યા હોવાથી તાજેતરમાં સુરત શહેરમાંથી બદલી થઈને સુરત ગ્રામ્યમાં આવેલા રામ ગોજીયાની કામરેજ પી.આઈ તરીકે બદલી થતાંની સાથે જ તેઓ એકશન મોડમાં જોવા મળ્યા હતા. શુક્રવારના રોજ ઢળતી સાંજે પોલીસ કાફલા સાથે કામરેજ ચાર રસ્તા પર એક રાઉન્ડ મારવામાં આવ્યો હતો.જેમાં ટ્રાફિકને નડતર રૂપ લારીઓ હટાવી દેવામાં આવી હતી. તેમજ 28થી વધુ ઓટો રિક્ષાને ડિટેઈન કરી દેવામાં આવતાં પ્રજામાં એક હાશકારો જોવા મળ્યો છે. પરંતુ કામરેજની પ્રજામાં એવી પણ ચર્ચાએ જોર પકડ્યું છે આવી કામગીરી કેટલો સમય ચાલશે તે હવે આવનારા દિવસો જ બતાવશે.


